# પંદરમી ગુજરાત વિધાનસભા

## બીજું સત્ર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નોત્તરી

### મંગળવાર, ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩

### (બીજી બેઠક)

**જવાબ આપનાર મંત્રીશ્રીઓ :**

**(૧) માનનીય મંત્રીશ્રી** : આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો

**(૨) માનનીય મંત્રીશ્રી** : પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ

# ૧

### રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરરાઈઝેશનની સેવાઓ

* ૧૭૦ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના સાર્વજનિક ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશની સેવાઓ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ગ્રંથાલયોમાં કોમ્પ્યુટરાઈઝેશની કાર્યવાહી હાથ ધરાઈ છે, અને | (૨) છોટાઉદેપુર, મોડાસા, બોટાદ, લુણાવાડા, વેરાવળ, વિછીંયા અને કડાણા એમ કુલ સાત સરકારી ગ્રંથાલયોના કોમ્પ્યુટરાઈઝેશન કરાયેલ છે. |
| (૩) આ યોજના અમલીકરણથી ગ્રંથાલયની સુવિધાઓમાં શું વધારો થયો ? | (૩) કોમ્પ્યુટરાઈઝેશન થવાથી પુસ્તકની લેવડ–દેવડ, સરળતાથી પુસ્તક સર્ચ, કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો, પુસ્તકોના વર્ગીકરણ–સૂચિકરણ, નોંધણી અને ડેટાએન્ટ્રી, પુસ્તક કમી કરવાની પ્રક્રિયામાં સરળતા રહે છે. |

---------

# ૨

### રાજ્યમાં પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા

* ૫૩૪ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૯૭૧૨.૦૬ મેગાવોટ અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૮૬૪૦.૨૦ મેગાવોટ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૨૩.૨ ટકા છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે ? | (૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૧૩.૬ ટકા છે. |

---------

HB-820-1 (SSD)

# ૩

## વડનગરમાં પ્રવાસન વિકાસ માટે ગ્રાન્ટ

* ૫૪૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઉંઝા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી મુખ્યત્વે નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છેઃ<br>૧. વડનગર ખાતે પ્રેરણા સ્કૂલની કામગીરી.<br>૨. ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટરના વિકાસની કામગીરી.<br>૩. અંબાજી કોઠા તળાવના વિકાસની કામગીરી.<br>૪. હોટેલ તોરણના વિકાસની કામગીરી.<br>૫. વોચ ટાવર ખાતે આર્ટ ગેલેરીના વિકાસની કામગીરી.<br>૬. વડનગર ખાતે અગાઉ વિકસાવેલ પ્રવાસન આકર્ષણોના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કામગીરી. |
| (૩) આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૭૫૯.૯૦ લાખ. |

---------

# ૪

## રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના

* ૪૩૭ **શ્રી અમિત ઠાકર** (વેજલપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે, | (૨) • હવા પ્રદુષણ નિયંત્રણ માટેનો પાયલોટ પ્રોજેક્ટ છે.<br>• રાજ્યમાં હાલમાં ફક્ત સુરત ખાતે એમીશન ટ્રેડિંગ સ્કીમનો પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં છે.<br>• પાર્ટીક્યુલર મેટરના નિયંત્રણ માટે માર્કેટ આધારિત નિયમન અંગે વિશ્વમાં સૌપ્રથમ પહેલ છે.<br>• સદર પાઈલોટ પ્રોજેક્ટ શિકાગો યુનિવર્સિટીના (EPIC), યેલ યુનિવર્સિટીના સંશોધનકારો તથા J-PAL ટીમની મદદથી અમલમાં મૂકાયો છે.<br>• આ પાઈલોટ પ્રોજેક્ટથી પોલ્યુટર પે પ્રિન્સિપલના આધારે પાર્ટીક્યુલેટ મેટરનું નિયત માત્રાથી (પરમીટ) વધુ ઉત્સર્જન કરતા ઉદ્યોગોએ ઓછું ઉત્સર્જન કરતાં |

ઉદ્યોગો પાસેથી પરમીટ ખરીદી કરવી પડે છે.

- પાઈલોટ પ્રોજેક્ટનું પ્રારંભિક અમલીકરણ સુરત ખાતે નક્કી કરેલ ૧૫૫ ઉદ્યોગોમાં ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શરૂ થયેલ. યોજનાના પ્રાયોગિક અભ્યાસના તારણ મુજબ આ યોજનાના અમલીકરણ કરતા ઉદ્યોગોમાં રહેલ ઉદ્યોગોમાં અન્ય ઉદ્યોગો કરતા આશરે ૨૦% જેટલો પાર્ટીક્યુલેટ મેટરના પ્રમાણમાં ઘટાડો નોંધાયેલ છે. વધુમાં યોજના થકી કન્ટીનીયુસ એમીશન મોનીટરીંગ સિસ્ટમ (CEMS) ના કારણે ઉદ્યોગોમાં સેલ્ફ રેગ્યુલેશન સુદ્રઢ થયેલ છે.
- સુરતમાં ETS પાઈલોટ પ્રોજેક્ટના સફળ પરિણામોને ધ્યાને લઈ અમદાવાદમાં આશરે ૨૦૨ ઉદ્યોગોમાં આ પાઈલોટ પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું નક્કી કરેલ છે. જેની કાર્યવાહી પ્રગતિમાં છે. અમદાવાદ ઔદ્યોગિક વસાહતો ખાતે ટ્રેડિંગ આગામી સમયમાં શરૂ થવાની શક્યતા છે.

| | |
|---|---|
| (૩) આ યોજના ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં અમલમાં છે, અને | (૩) સુરત ખાતે અમલમાં છે અને અમદાવાદમાં અમલીકરણ થનાર છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ યોજનાથી ઉદ્યોગોને શા લાભ થયેલ છે ? | (૪) આ પાઈલોટ પ્રોજેક્ટથી ઉદ્યોગોને ઓછા ખર્ચથી હવા પ્રદુષણ (પાર્ટીક્યુલર મેટર) ના નિયંત્રણમાં મદદ મળેલ છે. |

---------

# ૫

## આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ

* ૬૮૭ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં એકપણ સિવિલ હોસ્પિટલ નથી તે હકીક્ત સાચી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ફાળવવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૬

## નર્મદા અને દાહોદ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોનું મહેકમ

* ૨૮ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ નર્મદા અને દાહોદ જિલ્લાની સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ડૉક્ટરોનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) અને (૨) સામેલ *પત્રક–૧ અને *પત્રક–૨ મુજબ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | |
| (૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે ? | (૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૭

## ભિલોડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૪ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૮૫ |
| ૨૦૨૨–૨૩ | ૫૮૨ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૬૬.૩૮ |
| ૨૦૨૨–૨૩ | ૩૫૨.૧૨ |

---------

# ૮

## દહેગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૩૪.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૩૮.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૦.૯૫ |
| ૨૦૨૨–૨૩ | ૨૨.૬૫ |

---------

# ૯

## રાજકોટ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૦ **શ્રી રમેશભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૦.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૨૦.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૪.૯૨ |
| ૨૦૨૨–૨૩ | ૧૪.૧૦ |

---------

# ૧૦

### માણાવદર તાલુકામાં દૂર કરેલ ગાંડા બાવળો

* ૧૧ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાની માણાવદર તાલુકામાંથી કેટલા ગાંડા બાવળો દૂર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો અને હજુ કેટલા વિસ્તારમાં ગાંડા બાવળો દૂર કરવાના બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨) ગાંડા બાવળ દૂર કરવા અંગેની કોઈ યોજના વન વિભાગ હેઠળ અમલીકૃત ના હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૧

### ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૨ **શ્રી રમેશભાઈ મિસ્ત્રી** (ભરૂચ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૨.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૨.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૨.૫૯ |
| ૨૦૨૨-૨૩ | ૧૬.૪૩ |

---------

# ૧૨

### રાજ્યમાં ગેરકાયદે સો-મીલ

* ૫૫૨ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગેરકાયદે સો-મીલો ચાલે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદે સો-મીલના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે. ?

**જવાબ**

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૩

### રાજ્યમાં દરિયા કિનારે વ્હેલશાર્કને બચાવવા યોજના

* ૪૧૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે મળતી વ્હેલશાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ,

(૨) જો હા, તો સદર યોજનાની જોગવાઈ શું છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) સદર યોજનામાં ગુજરાત સરકારશ્રીના તા.૧૫-૦૩-૨૦૧૨ના ઠરાવ મુજબ નેટ (જાળ) માં ફસાઈ ગયેલ

વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુક્ત કરતાં નેટ (જાળ) ને થયેલ કુલ નુકસાન અથવા તો રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર) એ બે માંથી જે ઓછું હોય, તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલશાર્ક બચાવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ અંતર્ગત નીચે મુજબ વ્હેલશાર્ક બચાવવામાં આવેલ છે.

| વર્ષ | બચાવવામાં આવેલ વ્હેલશાર્ક |
|---|---|
| ૦૧–૦૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | ૫૦ |
| ૦૧–૦૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | ૪૧ |

(૪) ઉક્ત યોજના પેટે છેલ્લા બે વર્ષમાં કેટલું વળતર ચૂકવેલ છે ?

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત નીચે મુજબ વળતર ચૂકવવામાં આવેલ છે.

| વર્ષ | ચૂકવેલ વળતર (રૂ.લાખમાં) |
|---|---|
| ૦૧–૦૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | ૫.૦૯ |
| ૦૧–૦૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | ૪.૨૨ |

---------

# ૧૪

## લીમખેડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૨૫ |
| ૨૦૨૨–૨૩ | ૨૬૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૫૨.૪૦ |
| ૨૦૨૨–૨૩ | ૧૭૨.૭૭ |

---------

# ૧૫

## અબડાસા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૨ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૯૭૧.૩૬ |
| ૨૦૨૨–૨૩ | ૫૦૧.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૮૩૭.૬૩ |
| ૨૦૨૨–૨૩ | ૧૩૯.૬૩ |

---------

# ૧૬

## આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસી સુવિધાઓ

* ૩૯૬ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે સરકારશ્રી દ્વારા કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે બે ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>• ફેઝ–૧ અંતર્ગત માળખાકીય સુવિધાઓ જેવી કે નવીન પાર્કીંગ, ટિકિટ બુકિંગ સેન્ટર, ઈન્ટરપ્રીટેશન સેન્ટર, સોવેનિયર શોપ, રેક્રિએશન ઝોન, ફૂડ કોર્ટ, એમ્ફીથિયેટર, ટોઈલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા તથા ગઝેબોની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>• ફેઝ–૨ અંતર્ગત સ્કલ્પચર તથા ગેટની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે, જે અંતર્ગત ૩ ગેટ, લાયન, લેપર્ડ, ડીયર સ્કલ્પચર, આર્ટીફિક્ટસ અને સાઈનેઝીસ, કલર બટરફ્લાય તથા ફેબ્રિકેટ મેટલ ફેન્સીંગનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૪૨૬.૫૭ લાખ. |

---------

# ૧૭

## વડનગરમાં પ્રવાસન વિકાસ માટે ગ્રાન્ટ

* ૩૯૮ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી કોઈ કામગીરી હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડનગરમાં પ્રવાસન વિકાસ માટે રાજ્યની ગ્રાન્ટમાંથી મુખ્યત્વે નીચે મુજબની કામગીરી હાથ ધરેલ છે.<br>૧. વડનગર ખાતે પ્રેરણા સ્કૂલની કામગીરી.<br>૨. ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટરના વિકાસની કામગીરી.<br>૩. અંબાજી કોઠા તળાવના વિકાસની કામગીરી.<br>૪. હૉટેલ તોરણના વિકાસની કામગીરી.<br>૫. વોચ ટાવર ખાતે આર્ટ ગેલેરીના વિકાસની કામગીરી.<br>૬. વડનગર ખાતે અગાઉ વિકસાવેલ પ્રવાસન આકર્ષણોના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની |

(૩) આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

કામગીરી.

(૩) ૩.૭૫૯.૯૦ લાખ.

---------

# ૧૮

## સાણંદ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ

* ૪૦૧ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે ? | (૨) ૩.૮,૭૨,૦૦,૦૦૦/– ની વહીવટી મંજૂરી તા.૧૯–૦૫–૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે. |

---------

# ૧૯

## રાજ્યમાં સરકારી ઈજનેર કોલેજોનું મંજૂર મહેકમ

* ૨૧૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ |
|---|---|---|
| ૫૩૪ | ૧૪૬૭ | ૪૭૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ગ | ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૨૨૬ | ૩૦૮ |
| વર્ગ–૨ | ૧૨૭૮ | ૧૮૯ |
| વર્ગ–૩ | ૧૬૮ | ૩૧૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) વહીવટી અનુકૂળતાએ.

---------

# ૨૦

## રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ

* ૪૪૧ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની કઈ યોજના અમલમાં છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની ગૌશાળાઓ તેમજ પાંજરાપોળ તેમજ બિન–નફાકીય સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે પ્લાન્ટના કુલ ખર્ચના ૭૫% તેમજ નફો કરતી સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે કુલ ખર્ચનાં ૫૦% નાણાકીય સહાયની યોજના અમલમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટની સ્થાપના યોજના હેઠળ ક્યા પ્રકારની અને કેટલી સંસ્થાઓમાં આ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ૨૦ ગૌશાળાઓમાં તેમજ ૧ પાંજરાપોળમાં, ૦૩ શૈક્ષણિક સંસ્થાઓમાં, ૧૩ ચેરિટેબલ ટ્રસ્ટમાં અને ૦૪ અન્ય સંસ્થાઓમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે. |

---------

# ૨૧

## ધરમપુર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૫ **શ્રી અરવિંદ પટેલ** (ધમરપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૬૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૭૯૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૨૪.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૮૪.૫૬ |

---------

# ૨૨

## વિજાપુર ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૨૬૪ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ છે.

(૨) તબીબી અધિકારી વર્ગ-૨ સરકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોને તબીબી અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂક આપવામાં આવે છે.

સરકારી મેડીકલ કોલેજ, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ તથા સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજો ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ પૂર્ણ કરેલ એમ.બી.બી.એસ. બોન્ડેડ ઉમેદવારોનું અધિક નિયામકશ્રી (ત.શિ.), ગાંધીનગર દ્વારા સ્ટેટ મેરીટ મળ્યેથી તેઓને બોન્ડની શરત મુજબ બોન્ડેડ તબીબી અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂક આપવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૪૨૦૧૪/૨૪/ત-૧, તા.૦૬-૦૯-૨૦૧૪ ઠરાવથી ''કોલેજ ઓફ ફીઝીશીયન એન્ડ સર્જન્સ'' સીપીએસ પીજી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ તબીબોને ગુજરાત મેડીકલ કાઉન્સીલના પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનના આધારે એક વર્ષ માટે ગ્રામ્ય વિસ્તારમાં તબીબી અધિકારી વર્ગ-૨ તરીકે નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવેલ છે.

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની તબીબી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ભરી શકાશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ ઉપર જરૂર

જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક–૧**

**વિજાપુર તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમની વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | પ્રા. આ. કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ–૨ | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબૉરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | વોર્ડ બોય | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | ફલુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૨ | વિજાપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૩ | લાડોલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૪ | પામોલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૫ | પીલવાઈ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૬ | સરદારપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૭ | સોખડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૮ | વસઈ (ડાભલા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| ૯ | દગાવડીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૨ | ૦ |
| **તાલુકાનું નામ** | | **૯** | **૯** | **૦** | **૯** | **૮** | **૧** | **૯** | **૮** | **૧** | **0** | **૦** | **૦** | **૯** | **૦** | **૯** | **૯** | **૦** | **૯** | **૯** | **૦** | **૯** | **૧૮** | **૧૮** | **૦** |

---------

# ૨૩

## બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડિકલ ઓફિસર

* ૩૧૨ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લાના કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી મેડિકલ ઓફિસરની નિમણૂક થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કાયમી મેડિકલ ઓફિસરની જગા ખાલી છે અને તે ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ૩૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અને અમદાવાદ જિલ્લાના ૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કાયમી મેડિકલ ઓફિસરની નિમણૂક કરેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૮૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને અમદાવાદ જિલ્લાના ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કાયમી મેડિકલ ઓફિસરની જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ ઉપર બોન્ડેડ/કરાર આધારિત/સી.પી.એસ. મેડીકલ ઓફિસરને નિમણૂક આપી કામગીરી લેવામાં આવે છે, અને નિમણૂકોનો અસ્વિકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે આ જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે.

---------

# ૨૪

## ધોળકા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૬ **શ્રી કિરિટસિંહ ડાભી** (ધોળકા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૩૯.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૩૭.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૫.૧૭ |
| ૨૦૨૨–૨૩ | ૪૬.૪૫ |

---------

# ૨૫

**ભરૂચ અને સુરત જિલ્લામાં એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ**

* ૬૮૩ **શ્રી અમીત ચાવડા** (આંકલાલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત શહેર અને જિલ્લામાં એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ અંગે કેટલી કંપનીઓની તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કંપનીઓ એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફિકેટ વગર કાર્યરત હોવાનું માલુમ પડેલ, અને

(૩) આ કંપનીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને સુરત શહેર અને જિલ્લામાં બોર્ડ દ્વારા વિવિધ સંદર્ભે/વિષય અન્વયે કુલ ૭૭૮૯ ઉદ્યોગોની તપાસ કરવામાં આવી હતી.

(૨) ઉક્ત સ્થિતિએ ૩ (ત્રણ) કંપનીઓ તપાસ દરમિયાન એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફિકેટની આવશ્યકતા હોવા છતાં તે વગર કાર્યરત હોવાનું માલુમ પડેલ.

(૩) આ કંપનીઓને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કલોઝર ડાયરેકશન, નોટીસ ઓફ ડાયરેકશન અને લીગલ નોટીશ પાઠવવામાં આવેલ.

---------

# ૨૬

**ભરૂચ જિલ્લામાં વાંસ સુધારણાની કામગીરી**

* ૪૨૫ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨માં કેટલા હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે તેમજ તેનાથી કેટલા વાંસનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૪૦૦ હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ અને તેનાથી ઉત્પન્ન થયેલ ૧૪૬૦૮૧૩ નંગ વાંસનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ.૩૨.૦૦ લાખ.

---------

# ૨૭

**રાજ્યમાં ગેરકાયદે સો–મીલ**

* ૪૧૨ **ડૉ. હસમુખ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગેરકાયદે સો–મીલો ચાલે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદે સો–મીલના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૮

**કાલોલ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ**

* ૪૩૦ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૪૫ |

હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

| | |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૬૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૭.૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૩.૩૮ |

---------

# ૨૯

## લુણાવાડાની હોસ્પિટલોમાં મા અમૃતમ યોજનાનો અમલ

* ૨૯૫ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની હોસ્પિટલોમાં મા અમૃતમ યોજનાનો અમલ થતો નથી તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા તો, તેનો અમલ થાય તે માટે સરકારે શાં પગલા લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની હોસ્પિટલોમાં મા અમૃતમ યોજનાનો અમલ થતો નથી તે હકિક્ત ખોટી છે. લુણાવાડા તાલુકાની હોસ્પિટલોમાં ‘‘મા અમૃતમ’’ યોજનાનો અમલ થાય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૦

## દાહોદ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૧ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૩૭ |
| ૨૦૨૨-૨૩ | ૩૮૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૮૫.૩૧ |
| ૨૦૨૨-૨૩ | ૫૦૭.૧૭ |

---------

# ૩૧

## રાજ્યમાં મારૂતિનંદન વન

* ૪૧૯ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ‘‘મારૂતિનંદન વન’’ કયા વર્ષમાં અને કયા સ્થળે બનાવવામાં આવેલ છે,

(૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના આકર્ષણો રાખવામાં આવેલ છે, અને

(૩) આ વનમાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રવાસીઓએ ઉક્ત સ્થળે મુલાકાત લીધેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૨૧-૨૨માં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં કલગામ ખાતે.

(૨) આ વનમાં મુખ્યત્વે આકર્ષક પ્રવેશ દ્વાર, સેલ્ફી પોઈન્ટ, નવ ગ્રહ વન, રાશી વન, નક્ષત્ર વન, બાલ ક્રિડાંગણ, ભુલભુલૈયા વન, ફ્રેગ્રન્સ ગાર્ડન, સંજીવની વનમાં ચરક ઋષિની પ્રતિમા તેમજ વિવિધ પ્રકારના સ્કલ્પચર જેવા આકર્ષણ રાખેલ છે.

(૩) ૧,૭૨,૮૩૧

---------

# ૩૨

## સુત્રાપાડા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગનાં બાંધકામને વહીવટી મંજૂરી

* ૪૦૦ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૭,૨૧,૪૩,૮૦૦/– ની વહીવટી મંજૂરી તા.૦૧–૦૬–૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે. |

---------

# ૩૩

## ધમણ–૧ અને ધમણ–૩ વેન્ટિલેટર

* ૨૧૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામ જોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ–૧ દાનમાં અને ધમણ–૩ ભારત સરકાર દ્વારા મેસર્સ એચ.એલ.એલ. લાઈફ કેર મારફતે કેટલા વેન્ટીલેટર મળેલ છે, | (૧) ધમણ–૧ નંગ–૮૬૬<br>ધમણ–૩ નંગ–૫૦૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વેન્ટીલેટર કાર્યરત છે, અને | (૨) ધમણ–૧ ના ૬૬૬ નંગ કાર્યરત છે અને ધમણ–૩ ના ૪૯૦ નંગ કાર્યરત છે. |
| (૩) ધમણ–૧ અને ધમણ–૩ વેન્ટીલેટરના મેંઈટેનન્સ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સી, કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ–૧ અને ધમણ–૩ વેન્ટીલેટરના મેઇંટેનન્સ માટે કોઈ પણ એજન્સી, કંપનીને કોઈપણ રકમની ચૂકવણી કરવામાં આવેલ નથી. |

---------

# ૩૪

## ગોધરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૪ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૪૨.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૩૫.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૩૦.૦૩ |
| ૨૦૨૨–૨૩ | ૨૨.૧૧ |

---------

# ૩૫

## બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક કેન્દ્રો

* ૭૧ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

(૨) તે અન્વયે મંજૂર થયેલ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | વડગામ | ૦૮ |
| ૨ | સુઇગામ | ૦૫ |
| ૩ | ભાભર | ૦૫ |
| ૪ | દાંતા | ૧૦ |
| ૫ | દિયોદર | ૦૭ |
| ૬ | કાંકરેજ | ૧૨ |
| ૭ | પાલનપુર | ૧૦ |
| ૮ | ધાનેરા | ૦૯ |
| ૯ | દાંતીવાડા | ૦૬ |
| ૧૦ | ડીસા | ૧૩ |
| ૧૧ | વાવ | ૦૯ |
| ૧૨ | લાખણી | ૦૮ |
| ૧૩ | થરાદ | ૧૩ |
| ૧૪ | અમીરગઢ | ૦૭ |
| | **કુલ** | **૧૨૨** |

(૨) પત્રક મુજબ

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરની ખાલી જગ્યા લાયકાત ધરાવતા ડૉક્ટર ઉપલબ્ધ થયેથી તુરત જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે તેમજ જરૂરિયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈને ભરવામાં આવે છે.

**પત્રક**

તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજૂર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્ર.નં. | તાલુકાનું નામ | તબીબી અધિકારી વર્ગ–૨ | | | આયુર્વેદિક ડૉક્ટર | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબૉરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | | ડ્રાઈવર | | | વૉર્ડ આયા | | | વૉર્ડ બોય | | | પાર્ટટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અમીરગઢ | ૧૩ | ૧૦ | ૩ | ૨ | ૨ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૦ |
| ૨ | ભાભર | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૩ | દાંતા | ૧૯ | ૧૩ | ૬ | ૫ | ૨ | ૩ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ |
| ૪ | દાંતીવાડા | ૬ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૨ | ૨ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૬ | ૬ | ૦ | ૧૨ | ૧૨ | ૦ |
| ૫ | ડીસા | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૨ | ૨ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૨૬ | ૨૬ | ૦ |
| ૬ | દિયોદર | ૭ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૨ | ૨ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૦ |
| ૭ | ધાનેરા | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૩ | ૩ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| ૮ | કાંકરેજ | ૧૨ | ૯ | ૩ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૨૪ | ૨૪ | ૦ |
| ૯ | લાખણી | ૯ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૧૦ | ૯ | ૧ | ૧ | ૦ | ૧ | ૧૦ | ૮ | ૨ | ૧૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૧૦ | ૧૦ | ૦ | ૨૦ | ૨૦ | ૦ |
| ૧૧ | સુઈગામ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૪ | ૧ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૫ | ૫ | ૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૧૨ | થરાદ | ૧૨ | ૯ | ૩ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૨૪ | ૨૪ | ૦ |
| ૧૩ | વડગામ | ૮ | ૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૮ | ૦ | ૩ | ૩ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૮ | ૦ | ૮ | ૮ | ૦ | ૧૬ | ૧૬ | ૦ |
| ૧૪ | વાવ | ૯ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૯ | ૯ | ૦ | ૧૮ | ૧૮ | ૦ |
| | **કુલ** | **૧૩૭** | **૧૧૬** | **૨૧** | **૮** | **૪** | **૪** | **૧૨૨** | **૧૧૯** | **૩** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૪૯** | **૪૯** | **૦** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૧૨૨** | **૧૨૨** | **૦** | **૨૪૪** | **૨૪૪** | **૦** |

| વર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૨ | ૧૪૫ | ૧૨૦ | ૨૫ |
| વર્ગ–૩ | ૪૧૭ | ૪૧૨ | ૫ |
| વર્ગ–૪ | ૪૮૮ | ૪૮૮ | ૦ |
| **કુલ** | **૧૦૫૦** | **૧૦૨૦** | **૩૦** |

---------

# ૩૬

## વ્યારા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૩૬ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૯૭૦ |
| ૨૦૨૨–૨૩ | ૪૮૭ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૫૮૪.૭૬ |
| ૨૦૨૨–૨૩ | ૨૫૪.૮૫ |

---------

# ૩૭

## રાજ્યમાં પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા

* ૪૪૨ **શ્રી હર્ષદભાઈ પટેલ** (સાબરમતી) : **માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જા અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના કેટલા ટકા છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૯૭૧૨.૦૬ મેગાવોટ અને સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૮૬૪૦.૨૦ મેગાવોટ છે.

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યની પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૨૩.૨ ટકા છે.

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યની સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતા દેશની કુલ સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતાના ૧૩.૬ ટકા છે.

---------

# ૩૮

## રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે મળેલ સહાય

* ૪૧૪ **શ્રી અમીત શાહ** (એલીસબ્રિજ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાકીય સહાય માંગવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો, ક્યારે અને કઈ બાબતો માટે સહાય માંગવામાં આવી હતી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુલાઈ–૨૦૨૨ના રોજ નીચે મુજબની બાબતો માટે સહાય માંગવામાં આવેલ છે.

૧. માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન.
૨. આવાસ અને વસ્તી વ્યવસ્થાપન.
૩. સિંહ આરોગ્ય વ્યવસ્થાપન.
૪. સર્વેલેન્સ અને મોનીટરીંગ.
૫. આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ.
૬. સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ.

૭. સિંહ મિત્રની યોજના.
૮. માહિતી, શિક્ષણ અને સંચાર.
૯. સંશોધન અને શિક્ષણ.
૧૦. મોનીટરીંગ અને મૂલ્યાંકન.
૧૧. ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન.
૧૨. ભાવિ આરોગ્ય/રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી.

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય મળેલ નથી.

---------

# ૩૯

## ગીર વિસ્તારમાં સિંહોની વસ્તી

* ૪૧૭ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ગીર વિસ્તારમાં સિંહોની કુલ વસ્તી કેટલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ગીર વિસ્તારમાં સિંહોની વસ્તી કુલ–૩૩૪ હોવાનું અંદાજવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી વસ્તી ગણતરી મુજબ સિંહોની વસ્તીમાં વધારો થયેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલો વધારો થયેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ ગીર વિસ્તારમાં સિંહોની વસ્તીમાં કુલ–૩૦ નો વધારો થયેલ છે. |

---------

# ૪૦

## ગુજરાતની પરંપરાગત લોકસંસ્કૃતિને જાળવવા માટે યોજના

* ૧૮૩ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતની પરંપરાગત લોકસંસ્કૃતિને જાળવી રાખવા અંગેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારથી અમલમાં છે, | (૨) અને (૩) *પત્રક–અ સામેલ છે. |
| (૩) આ યોજના હેઠળ ગુજરાતના ક્યા ક્યા વિસ્તારને આવરી લેવામાં આવે છે, અને | |
| (૪) આ યોજના હેઠળ શો લાભ આપવામાં આવે છે ? | (૪) *પત્રક–બ સામેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૪૧

## નડાબેટ ખાતે પ્રવાસીઓની મુલાકાત

* ૩૯૪ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સીમા દર્શન નડાબેટ ખાતે કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી, અને | (૧) ૫,૨૫,૮૧૪ |
| (૨) નડાબેટ ખાતે વિકસાવેલ સુવિધાઓમાં મુખ્યત્વે કઈ કઈ સુવિધાઓ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે ? | (૨) નડાબેટ ખાતે વિકસાવેલ સુવિધાઓમાં મુખ્યત્વે નીચેની સુવિધાઓ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છેઃ<br>➢ સરહદ ગાથા મ્યુઝીયમ |

- પરેડ ગ્રાઉન્ડ ખાતે જવાનો દ્વારા કરવામાં આવતી પરેડ
- અજય પ્રહરી સ્મારક
- ઝીરો પોઈન્ટ ખાતેની ભારત–પાકિસ્તાન બોર્ડર
- સાંજના સમયે ફસાડ લાઈટીંગ
- જુદા–જુદા સેલ્ફી પોઈન્ટ
- યુધ્ધમાં વપરાયેલ શસ્ત્રો
- વોચ ટાવર
- એડવેન્ચર તથા અન્ય એક્ટીવીટીઝ

---------

# ૪૨

**રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ**

* ૫૩૩ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની કઈ યોજના અમલમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટની સ્થાપના યોજના હેઠળ કયા પ્રકારની અને કેટલી સંસ્થાઓમાં આ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની ગૌશાળાઓ તેમજ પાંજરાપોળ તેમજ બિન–નફાકીય સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે પ્લાન્ટના કુલ ખર્ચના ૭૫% તેમજ નફો કરતી સંસ્થાઓને સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બનાવવા માટે કુલ ખર્ચનાં ૫૦% નાણાકીય સહાયની યોજના અમલમાં છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ૨૦ ગૌશાળાઓમાં તેમજ ૧ પાંજરાપોળમાં, ૦૩ શૈક્ષણિક સંસ્થાઓમાં, ૧૩ ચેરિટેબલ ટ્રસ્ટમાં અને ૦૪ અન્ય સંસ્થાઓમાં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

---------

# ૪૩

**સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજના અંતર્ગત ગ્રાન્ટ ફાળવણી**

* ૫૪૫ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજનામાં કેટલા પ્રોજેક્ટ માટે કેટલી રકમ મંજૂર કરી, અને

(૩) મંજૂર કરેલ પ્રોજેક્ટ દીઠ કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ફાળવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે મંજૂર કરેલ રૂ.૪૯૯૭.૨૬ લાખ સામે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજના અન્વયે 'Development of Pilgrim Plaza with Queue Management Complex' માટે રૂ. ૪૯૯૭.૨૬ લાખ મંજૂર કરેલ છે.

(૩) શૂન્ય.

---------

# ૪૪

**રાજ્યમાં કાર્યરત બ્લડ બેંકો**

* ૬૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્યના દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક બ્લડ બેંક હોવી જરૂરી છે. તે વાત સાચી છે.

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો, હા તો તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કયા કયા જિલ્લામાં કેટલી બ્લડ બેંકો કાર્યરત છે. અને

(૩) કયા કયા જિલ્લામાં સરકારી બ્લડબેંકો નથી તથા આ જિલ્લામાં બ્લડ બેંકો નહિ હોવાના કારણો શા છે ?

(૨) પત્રક–અ મુજબ.

(૩) પત્રક–બ મુજબના જિલ્લામાં સરકારી બ્લડબેંકો નથી, આ જિલ્લામાં રેડક્રોસ તથા ચેરીટેબલ ટ્રસ્ટની બ્લડબેંકો કાર્યરત છે, તબક્કાવાર સરકારી બ્લડ બેંકો કાર્યરત કરવામાં આવશે.

**પત્રક–અ**

| | **જિલ્લો** | **બ્લડબેંકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૦ |
| ૨ | અમરેલી | ૨ |
| ૩ | આણંદ | ૭ |
| ૪ | અરવલ્લી | ૩ |
| ૫ | બનાસકાંઠા | ૧૩ |
| ૬ | ભરૂચ | ૪ |
| ૭ | ભાવનગર | ૬ |
| ૮ | બોટાદ | ૧ |
| ૯ | છોટા ઉદેપુર | ૧ |
| ૧૦ | દાહોદ | ૫ |
| ૧૧ | ડાંગ | ૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧ |
| ૧૩ | ગાંધીનગર | ૫ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨ |
| ૧૫ | જામનગર | ૩ |
| ૧૬ | જૂનાગઢ | ૫ |
| ૧૭ | ખેડા | ૬ |
| ૧૮ | કચ્છ | ૫ |
| ૧૯ | મહિસાગર | ૧ |
| ૨૦ | મહેસાણા | ૬ |
| ૨૧ | મોરબી | ૨ |
| ૨૨ | નર્મદા | ૧ |
| ૨૩ | નવસારી | ૪ |
| ૨૪ | પંચમહાલ | ૪ |
| ૨૫ | પાટણ | ૭ |
| ૨૬ | પોરબંદર | ૩ |
| ૨૭ | રાજકોટ | ૧૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૬ |
| ૨૯ | સુરત | ૧૧ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૪ |
| ૩૧ | તાપી | ૨ |
| ૩૨ | વડોદરા | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૬ |
| | **કુલ** | **૧૭૮** |

**પત્રક–બ**

| સરકારી બ્લડબેંક ન હોય તેવા જિલ્લાની સંખ્યા | |
|---|---|
| **ક્રમ** | **જિલ્લો** |
| ૧ | અમરેલી |
| ૨ | આણંદ |

| સરકારી બ્લડબેંક ન હોય તેવા જિલ્લાની સંખ્યા | |
|---|---|
| **ક્રમ** | **જિલ્લો** |
| ૩ | અરવલ્લી |
| ૪ | બોટાદ |
| ૫ | છોટા ઉદેપુર |
| ૬ | દાહોદ |
| ૭ | ડાંગ |
| ૮ | ગીર સોમનાથ |
| ૯ | ખેડા |
| ૧૦ | મહિસાગર |
| ૧૧ | નર્મદા |
| ૧૨ | નવસારી |
| ૧૩ | તાપી |

---------

# ૪૫

## રાજ્યમાં પ્લાસ્ટીક કચરાને દૂર કરવા પગલાં

* ૫૫૫ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટીક કચરાંને દૂર કરવા કોઈ પગલાં લીધેલ છે કે કેમ

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લેવામાં આવેલ છે, અને

(૩) આ પગલાંથી રાજ્યની જનતાને શું ફાયદો થશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટીક કચરાંને દૂર કરવા રાજ્યમાં જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

(૨) ભારત સરકાર દ્વારા ૧૮ માર્ચ, ૨૦૧૬ના રોજ પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન–૨૦૧૬ના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં, ૧૨ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો જેનું રાજ્યમાં અમલીકરણ કરવામાં આવેલ છે.

- રાજ્યમાં પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન–૨૦૧૬ નિયમોની બહોળી પ્રસિધ્ધિ અંતર્ગત પ્લાસ્ટીકના વપરાશને ઓછો કરવા તથા ૧ જુલાઈ ૨૦૨૨થી સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ રોકવા દૈનિક સમાચાર પત્રો અને રેડિયોના માધ્યમથી જાહેર સૂચનો કરવામાં આવેલ છે.
- પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમોનું પાલન ન કરનાર એકમો વિરુદ્ધ બંધના આદેશો તથા Environment Damage Compensation ની વસૂલાત કરવામાં આવે છે.
- પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમોની EPR ની ગાઈડલાઈન અંતર્ગત ૨૨૪ ઉત્પાદકો, ૧૬૬ આયાતકરો, ૩૭ બ્રાન્ડ માલિકો તથા ૫૪૫ પ્લાસ્ટીક વેસ્ટ રીસાયકલરને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે.

(૩) રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઉપરોક્ત પગલાંઓથી રાજ્યમાં પ્લાસ્ટીક પ્રદુષણ ઓછુ થશે તથા પ્લાસ્ટીક વેસ્ટ રીસાયકલીંગને વેગ મળશે.

---------

# ૪૬

## રાજ્યમાં દરિયાકિનારે વ્હેલશાર્કને બચાવવા યોજના

* ૫૫૧ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના દરિયા કિનારે મળતી વ્હેલ શાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મુકેલ છે, કે કેમ

(૨) જો હા, તો સદર યોજનાની જોગવાઈ શું છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલ શાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલશાર્ક બચાવવામાં આવી, અને

(૪) ઉક્ત યોજના પેટે છેલ્લા બે વર્ષમાં કેટલું વળતર ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સદર યોજનામાં ગુજરાત સરકારશ્રીના તા.૧૫–૦૩–૨૦૧૨ના ઠરાવ મુજબ નેટ (જાળ) માં ફસાઈ ગયેલ વ્હેલશાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુક્ત કરતાં નેટ (જાળ) ને થયેલ કુલ નુકશાન અથવા તો રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર) એ બે માંથી જે ઓછું હોય, તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવાની જોગવાઈ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ અંતર્ગત નીચે મુજબ વ્હેલશાર્ક બચાવવામાં આવેલ છે.

| **વર્ષ** | **બચાવવામાં આવેલ વ્હેલશાર્ક** |
|---|---|
| ૦૧–૦૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | ૫૦ |
| ૦૧–૦૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | ૪૧ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલશાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત નીચે મુજબ વળતર ચૂકવવામાં આવેલ છે.

| **વર્ષ** | **ચૂકવેલ વળતર (રૂ.લાખમાં)** |
|---|---|
| ૦૧–૦૧–૨૦૨૧ થી ૩૧–૧૨–૨૦૨૧ | ૫.૦૯ |
| ૦૧–૦૧–૨૦૨૨ થી ૩૧–૧૨–૨૦૨૨ | ૪.૨૨ |

---------

# ૪૭

## રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના

* ૫૫૩ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાગંધ્રા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમીશન ટ્રેડિંગ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે,

**જવાબ**

(૧) હા.

(૨) હવા પ્રદુષણ નિયંત્રણ માટેનો પાયલોટ પ્રોજેક્ટ છે.

- રાજ્યમાં હાલમાં ફક્ત સુરત ખાતે એમીશન ટ્રેડિંગ સ્કીમનો પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં છે.
- પાર્ટીક્યુલર મેટરના નિયંત્રણ માટે માર્કેટ આધારિત નિયમન અંગે વિશ્વમાં સૌ પ્રથમ પહેલ છે.
- સદર પાઈલોટ પ્રોજેક્ટ શિકાગો યુનિવર્સિટીના (EPIC), યેલ યુનિવર્સિટીના સંશોધનકારો તથા J-PAL ટીમની મદદથી અમલમાં મૂકાયો છે.

- આ પાઈલોટ પ્રોજેક્ટથી પોલ્યુટર પે પ્રિન્સિપલના આધારે પાર્ટીક્યુલેટ મેટરનું નિયત માત્રાથી વધુ ઉત્સર્જન કરતા ઉદ્યોગો(પરમીટ)એ ઓછું ઉત્સર્જન કરતાં ઉદ્યોગો પાસેથી પરમીટ ખરીદી કરવી પડે છે.
- પાઈલોટ પ્રોજેક્ટનું પ્રારંભિક અમલીકરણ સુરત ખાતે નક્કી કરેલ ૧૫૫ ઉદ્યોગોમાં ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શરૂ થયેલ. યોજનાના પ્રાયોગિક અભ્યાસના તારણ મુજબ આ યોજનાના અમલીકરણ કરતા ઉદ્યોગોમાં રહેલ ઉદ્યોગોમાં અન્ય ઉદ્યોગો કરતા આશરે ૨૦% જેટલો પાર્ટીક્યુલેટ મેટરના પ્રમાણમાં ઘટાડો નોંધાયેલ છે. વધુમાં યોજના થકી કન્ટીનીયુસ એમીશન મોનીટરીંગ સિસ્ટમ (CEMS) ના કારણે ઉદ્યોગોમાં સેલ્ફ રેગ્યુલેશન સુદ્રઢ થયેલ છે.
- સુરતમાં ETS પાઈલોટ પ્રોજેક્ટના સફળ પરિણામોને ધ્યાને લઈ અમદાવાદમાં આશરે ૨૦૨ ઉદ્યોગોમાં આ પાઈલોટ પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું નક્કી કરેલ છે. જેની કાર્યવાહી પ્રગતિમાં છે. અમદાવાદ ઔદ્યોગિક વસાહતો ખાતે ટ્રેડિંગ આગામી સમયમાં શરૂ થવાની શક્યતા છે.

(૩) આ યોજના ઉક્ત સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લામાં અમલમાં છે, અને

(૩) સુરત ખાતે અમલમાં છે અને અમદાવાદમાં અમલીકરણ થનાર છે.

(૪) ઉક્ત સ્થિતિએ આ યોજનાથી ઉદ્યોગોને શા લાભ થયેલ છે ?

(૪) આ પાઈલોટ પ્રોજેક્ટથી ઉદ્યોગોને ઓછા ખર્ચથી હવા પ્રદુષણ (પાર્ટીક્યુલર મેટર) ના નિયંત્રણમાં મદદ મળેલ છે.

---------

# ૪૮

## જલાલપોર તાલુકમાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૩ **શ્રી આર.સી.પટેલ** (જલાલપોર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તારમાં (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૪.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૪૮.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૯.૪૮ |
| ૨૦૨૨–૨૩ | ૩૮.૦૫ |

---------

# ૪૯

## રાપર તાલુકમાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૭ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તારમાં (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૫૩.૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૪૭.૦૦ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૩.૩૬ |
| ૨૦૨૨-૨૩ | ૩૩.૬૨ |

---------

# ૫૦

## સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજના અંતર્ગત ગ્રાન્ટ ફાળવણી

* ૩૯૩ **શ્રી ભગાભાઈ બારડ** (તલાલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સોમનાથના વિકાસ માટે પ્રસાદ પરિયોજનામાં કેટલા પ્રોજેક્ટ માટે કેટલી રકમ મંજૂર કરી, અને

(૩) મંજૂર કરેલ પ્રોજેક્ટ દીઠ કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ફાળવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સોમનાથ ખાતે પ્રવાસી સુવિધા વધારવા માટે મંજૂર કરેલ રૂ.૪૯૯૭.૨૬ લાખ સામે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) સોમનાથ વિકાસ માટે પ્રસાદ પરિયોજના અન્વયે 'Devlopment of Pilgrim Plaza with Queue Management Complex' માટે રૂ.૪૯૯૭.૨૬ લાખ મંજૂર કરેલ છે.

(૩) શૂન્ય.

---------

# ૫૧

## રાજ્યમાં આવેલ રક્ષિત સ્મારકોની માવજત

* ૧૬૮ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપુરા) : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય રક્ષિત સ્મારકોની સંખ્યા કેટલી છે,

(૨) આ રક્ષિત સ્મારકો ક્યા ક્યા જિલ્લાઓમાં આવેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રક્ષિત સ્મારકોની માવજતની કામગીરી હાથ ધરવા અંગેની જરૂરિયાત કેવી રીતે નક્કી કરાય છે ?

**જવાબ**

(૧) ૩૬૩ રાજ્ય રક્ષિત સ્મારકો.

(૨) અમદાવાદ, અમરેલી, ગાંધીનગર, આણંદ, કચ્છ, ખેડા, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ, પાટણ, પોરબંદર, પંચમહાલ, મહિસાગર, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, મહેસાણા, રાજકોટ, મોરબી, વડોદરા, છોટા ઉદેપુર, વલસાડ, સાબરકાંઠા, અરવલ્લી, સુરત અને સુરેન્દ્રનગર.

(૩) આ બાબતે પુરાતત્વ અને સંગ્રહાલય ખાતામાં ઉપલબ્ધ તકનીકી મહેકમ દ્વારા સમયાંતરે સ્મારકોનાં નિરીક્ષણ બાદ થયેલ સુચનો બાદ પુરારક્ષણ/માવજતની કામગીરીની જરૂરિયાત અનુસાર વાર્ષિક બજેટમાં જોગવાઇ કરવામાં આવે છે, તદુપરાંત સમયાંતરે જરૂરી આવશ્યકતાને અનુરૂપ પણ સ્મારકોની જાળવણી અંગે ખર્ચ કરવામાં આવે છે.

---------

# ૫૨

## આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસી સુવિધાઓ

* ૫૪૮ **શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે સરકારશ્રી દ્વારા કોઇ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૨) અમરેલી જિલ્લામાં આવેલ આંબરડી ખાતે સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે બે ફેઝમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છેઃ

- ફેઝ–૧ અંતર્ગત માળખાકીય સુવિધાઓ જેવી કે નવીન પાર્કીંગ, ટિકીટ બુકીંગ સેન્ટર, ઇન્ટરપ્રીટેશન સેન્ટર, સોવેનિયર શોપ, રેક્રિએશન ઝોન, ફૂડ કોર્ટ, એમ્ફીથિયેટર, ટોઇલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા તથા ગઝેબોની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ફેઝ–૨ અંતર્ગત સ્કલ્પચર તથા ગેટની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે, જે અંતર્ગત ૩ ગેટ, લાયન, લેપર્ડ, ડીયર સ્કલ્પચર, આર્ટીફિક્ટસ અને સાઇનેઝીસ, કલર બટરફલાય તથા ફેબ્રિકેટ મેટલ ફેન્સીંગનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત કામ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૪૨૬.૫૭ લાખ

---------

# ૫૩

## જૂનાગઢ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૪૨૧ **શ્રી સંજયભાઇ કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૩૩.૫૦ |
| ૨૦૨૨–૨૩ | ૩૭.૦૦ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૧.૭૫ |
| ૨૦૨૨–૨૩ | ૨૨.૬૧ |

---------

# ૫૪

## જામનગર ખાતે નવી ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ

* ૪૧૦ **રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં જામનગર ખાતે નવી ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે ?

(૨) રૂ. ૭૯,૭૬,૨૭,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા. ૦૧–૦૬–૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે.

---------

# ૫૫

## નાંદોદ તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

* ૪૨૯ **ડૉ. દર્શના દેશમુખ (વસાવા)** (નાંદોદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૨૩૫ |
| ૨૦૨૨–૨૩ | ૪૯૮ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૫૫.૧૧ |
| ૨૦૨૨–૨૩ | ૩૩૩.૭૭ |

---------

# ૫૬

## રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ

* ૯૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડીકલ કોલેજોમાં ફીનું ધોરણ શું રાખવામાં આવ્યું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફીમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત ફી વધારવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) પત્રક – ૧ સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં રાજ્યની સેલ્ફ ફાઈનાન્સ મેડીકલ કોલેજોની ફી વધારવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક ૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂા. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂા. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂા. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂા. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂા. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી. યુ. શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડીકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભૂજ (કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડૉ. એમ. કે. શાહ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડૉ. એન. ડી. દેસાઇ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી પટેલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

---------

# ૫૭

**રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે મળેલ સહાય**

* ૫૪૯ **શ્રી હીરાભાઇ સોલંકી** (રાજુલા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સિંહના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાંકીય સહાય માંગવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો ક્યારે અને કઇ બાબતો માટે સહાય માંગવામાં આવી હતી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુલાઇ ૨૦૨૨ના રોજ નીચે મુજબની બાબતો માટે સહાય માંગવામાં આવેલ છે.
૧. માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન.
૨. આવાસ અને વસ્તી વ્યવસ્થાપન.
૩. સિંહ આરોગ્ય વ્યવસ્થાપન.
૪. સર્વેલેન્સ અને મોનીટરીંગ.
૫. આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ.
૬. સિંહોના સંભવિત રેહઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ.
૭. સિંહ મિત્રની યોજના.
૮. માહિતી, શિક્ષણ અને સંચાર.
૯. સંશોધન અને શિક્ષણ.
૧૦. મોનીટરીંગ અને મુલ્યાંકન
૧૧. ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન
૧૨. ભાવિ આરોગ્ય / રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી.

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઇ સહાય મળેલ નથી.

---------

# ૫૮

## જૂનાગઢ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

* ૧૨ **શ્રી અરવિંદ લાડાણી** (માણાવદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત દર્શાવતુ પત્રક–૧ સામેલ છે.

(૨) તબીબી અધિકારી વર્ગ–૨ સરકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોને તબીબી અધિકારી, વર્ગ–૨ તરીકે નિમણૂંક આપવામાં આવે છે. સરકારી મેડીકલ કોલેજ, જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ તથા સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજો ખાતે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ પૂર્ણ કરેલ એમ.બી.બી.એસ. બોન્ડેડે ઉમેદવારોનું અધિક નિયામકશ્રી (ત.શિ.), ગાંધીનગર દ્વારા સ્ટેટ મેરીટ મળ્યેથી તેઓને બોન્ડની શરત મુજબ બોન્ડેડ તબીબી અધિકારી, વર્ગ–૨ તરીકે નિમણુંક આપવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૪૨૦૧૪/૨૪/ત–૧, તા.૦૬–૦૯–૨૦૧૪ ઠરાવથી ‘‘કોલેજ ઓફ ફીઝીશીયન એન્ડ સર્જન્સ’’ સીપીએસ પીજી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ તબીબોને ગુજરાત મેડીકલ કાઉન્સીલના પ્રોવિઝનલ રજીસ્ટ્રેશનના આધારે એક વર્ષ માટે ગ્રામ્ય વિસ્તારમાં તબીબી અધિકારી વર્ગ–૨ તરીકે નિમણુંક આપવાનું ઠરાવવામાં આવેલ છે.

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની તબીબી અધિકારી, વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરી શકાશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઇ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ ઉપર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

## પત્રક–૧

## જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવા :, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ–૨ | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબોરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | બોર્ડ બોય | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | ભેંસાણ | ૧ | ચુડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨ | મેદપરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩ | રાણપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૧** | **૧** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |
| ૨ | જૂનાગઢ | ૪ | બગડુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૫ | ડુંગરપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૬ | ખાડીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૭ | મજેવડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૮ | વડાલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧** | **૧** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧૦** | **૧૦** | **૦** |
| ૩ | કેશોદ | ૯ | અગતરાઈ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૦ | અજાબ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૧ | બાલાગામ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૨ | કેવાદ્રા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૩ | મેસવાણ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧** | **૧** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧૦** | **૧૦** | **૦** |
| ૪ | માળીયા હાટીના | ૧૪ | અમરાપુર ગીર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૫ | ભાડુરી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૬ | ગડુ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૭ | જુથળ* | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૮ | ખોરાસા ગીર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૧૯ | કુકસવાડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૦** | **૦** | **૦** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૬** | **૬** | **૦** | **૧૨** | **૧૨** | **૦** |

| અ.નં. | તાલુકાનું નામ | અ.નં. | પ્રા.આ.કેન્દ્રનું નામ | તબીબી અધિકારી વર્ગ-૨ | | | જુનિયર ફાર્માસિસ્ટ | | | લેબોરેટરી ટેકનીશિયન | | | સ્ટાફ નર્સ | | | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | વોર્ડ બોય | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૫ | માણાવદર | ૨૦ | બાંટવા | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૧ | લીંબુડા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૨ | નાકરા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૩ | સરદારગઢ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૪** | **૩** | **૧** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૧** | **૧** | **૦** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૮** | **૮** | **૦** |
| ૬ | માંગરોળ | ૨૪ | બગસરા (ઘેડ) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૫ | કકાણા (ખરેડા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૬ | મેખડી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૭ | શીલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૪** | **૪** | **૦** | **૧** | **૧** | **૦** | **૪** | **૪** | **૦** | **૪** | **૩** | **૧** | **૪** | **૪** | **૦** | **૮** | **૮** | **૦** |
| ૭ | મેંદરડા | ૨૮ | દત્રાણા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૨૯ | ડેડાકીયાલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૦ | સાસણ* | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૧** | **૧** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |
| ૮ | વંથલી | ૩૧ | કણઝા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૨ | શાપુર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૩ | થાણાપીપલી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૦** | **૦** | **૦** | **૩** | **૨** | **૧** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |
| ૯ | વિસાવદર | ૩૪ | બરડીયા (ઈટાળા) | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | ૧ |
| | | ૩૫ | ભાલગામ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૬ | કાલસરી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૭ | કોટડા મોટા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | ૩૮ | મોનપરી મોટી | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | | **તાલુકાનું કુલ** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૦** | **૦** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૫** | **૫** | **૦** | **૧૦** | **૯** | **૧** |
| | | | **જિલ્લાનું કુલ** | **૩૮** | **૩૭** | **૧** | **૩૮** | **૩૮** | **૦** | **૩૮** | **૩૮** | **૦** | **૬** | **૬** | **૦** | **૩૮** | **૩૭** | **૧** | **૩૮** | **૩૭** | **૧** | **૩૮** | **૩૮** | **૦** | **૭૬** | **૭૫** | **૧** |

| સમરી | | | |
|---|---|---|---|
| વર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
| વર્ગ–૨ | ૩૮ | ૩૭ | ૧ |
| વર્ગ–૩ | ૧૨૦ | ૧૧૯ | ૧ |
| વર્ગ–૪ | ૧૫૨ | ૧૫૦ | ૨ |
| **કુલ** | **૩૧૦** | **૩૦૬** | **૪** |

---------

# ૫૯

## ધમણ–૧ અને ધમણ–૩ વેન્ટિલેટર

* ૨૧૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ–૧ દાનમાં અને ધમણ–૩ ભારત સરકાર દ્વારા મેસર્સ એચ.એલ.એલ. લાઈફ કેર મારફતે કેટલા વેન્ટીલેટર મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વેન્ટીલેટર કાર્યરત છે, અને

(૩) ધમણ–૧ અને ધમણ–૩માં આગ લાગવાના કેટલા બનાવો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધાયા ?

**જવાબ**

(૧) ધમણ–૧ નંગ–૮૬૬
ધમણ–૩ નંગ–૫૦૦

(૨) ધમણ–૧ ના ૬૬૬ નંગ કાર્યરત છે અને ધમણ–૩ ના ૪૯૦ નંગ કાર્યરત છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધમણ–૧ અને ધમણ–૩ માં આગ લાગવાની કોઈ ઘટના બનવા પામેલ નથી.

---------

# ૬૦

## વિજાપુર તાલુકામાં નવા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૬૫ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં કેટલા નવા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ક્યારે શરૂ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ વિજાપુર તાલુકામાં કુલ કેટલા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને તે ક્યારથી કાર્યરત છે ?

**જવાબ**

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર–૦૧
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–૦૨

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| કુલ સામૂહિક આરોગ્ય કેન્દ્રો–૦૩ | | |
|---|---|---|
| **ક્રમ** | **સામૂહિક આરોગ્ય કેન્દ્ર** | **મંજૂરીનું વર્ષ અને કાર્યરત અંગેની વિગત** |
| ૧ | કોલવડા | તા.૦૧/૦૭/૧૯૯૧ |
| ૨ | ખરોડ | તા.૦૨/૧૧/૨૦૨૨ |
| ૩ | કુકરવાડા | તા.૧૯/૦૧/૨૦૧૧ |
| ૪ | વિજાપુર | તા.૧૪/૧૧/૧૯૮૮ (સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ થયેલ છે) |

| કુલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો–૦૯ | | |
|---|---|---|
| **ક્રમ** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** | **મંજૂરીનું વર્ષ અને કાર્યરત અંગેની વિગત** |
| ૧ | ફુદ | તા.૨૮/૦૨/૧૯૯૦ |
| ૨ | વજાપુર | તા.૦૧/૧૧/૨૦૨૨ |
| ૩ | લાડોલ | તા.૨૮/૦૨/૧૯૯૦ |
| ૪ | પામોલ | તા.૧૭/૧૦/૨૦૧૭ |
| ૫ | પિલવાઈ | તા.૨૮/૦૨/૧૯૯૦ |
| ૬ | સરદારપુર | તા.૦૯/૦૨/૧૯૮૭ |
| ૭ | સોંખડા | તા.૨૫/૦૮/૨૦૧૧ |
| ૮ | વસઈ | તા.૧૦/૧૨/૧૯૮૬ |
| ૯ | દગાવાડીયા | તા.૦૧/૧૧/૨૦૨૨ |

---------

# ૬૧

## રાજ્યની એમબીબીએસની કોલેજોમાં ફીનું ધોરણ

* ૩૧૩ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડીકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીના ધોરણમાં કેટલો વધારો નોંધાયો?

**જવાબ**

(૧)

| | ગવર્મેન્ટ ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | એન.આર.આઈ. ક્વોટા |
|---|---|---|---|
| સરકારી | રૂ.૨૫,૦૦૦/– વાર્ષિક | – | – |
| ગુજરાત મેડીકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં | રૂ.૩,૩૩,૦૦૦/– વાર્ષિક | રૂ.૯,૦૭,૫૦૦/– વાર્ષિક | $૨૨,૦૦૦ (યુ.એસ. ડોલર) અથવા સમકક્ષ વિદેશી ચલણ વાર્ષિક |
| ખાનગી | પત્રક–૧ સામેલ છે. | | |

(૨)

- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં કોઈ ફી વધારો કરવામાં આવેલ નથી.
- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત મેડીકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોની ફીમાં ૧૦% નો વધારો કરવામાં આવ્યો છે.

| કેટેગરી | વર્ષ ૨૦૨૦–૨૧ | વર્ષ ૨૦૨૧–૨૨ | વધારેલ રકમ |
|---|---|---|---|
| ગવર્મેન્ટ ક્વોટા | રૂ.૩,૦૦,૦૦૦/– | રૂ.૩,૩૦,૦૦૦/– | રૂ.૩૦,૦૦૦/– |
| મેનેજમેન્ટ ક્વોટા | રૂ.૮,૨૫,૦૦૦/– | રૂ.૯,૦૭,૦૦૦/– | રૂ.૮૨,૫૦૦/– |
| એન.આર.આઈ. ક્વોટા | યુ.એસ. $૨૦,૦૦૦ | યુ.એસ. $૨૨,૦૦૦ | યુ.એસ. $૨૦૦૦ |

**પત્રક–૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત, | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ. મેડીકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડીકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | પારૂલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડૉ.એમ.કે. શાહ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડૉ.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી પટેલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

---------

# ૬૨

## આણંદ જિલ્લામાં નવી સીવીલ હોસ્પિટલની કામગીરી

* ૬૮૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નવી સીવીલ હોસ્પિટલ માટે જમીન ક્યાં અને કેટલી ફાળવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ નવી સીવીલ હોસ્પિટલ બનાવવાની કામગીરી કયા તબક્કામાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કામગીરી કરવામાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) મહેસૂલ વિભાગના તા.૩૧-૧-૨૦૨૩ ના પત્રથી મોજે આણંદ શહેરમાં સર્વે નં.૧૩૨૫ વાળી હે.૪-૨૨-૮૧ વાળી જમીન પૈકી હે.૨-૯૭-૩૮ વાળી જમીન હોસ્પિટલ માટે મંજૂર કરેલ છે અને ફાળવણી કરવા કલેક્ટરશ્રી આણંદને જણાવેલ છે.

(૨) સુધારેલ વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

(૩) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

---------

# ૬૩

## લુણાવાડા તાલુકા ખાતે સીવીલ હોસ્પિટલનું બાંધકામ

* ૨૯૬ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલ સીવીલ હોસ્પિટલનું બાંધકામનું કામ ઘણા સમયથી બંધ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો આ કામગીરી ફરી ક્યારથી શરુ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૬૪

**જામનગર જિલ્લામાં બીબીએ/બીસીએ કોલેજો**

* ૨૧૭ **શ્રી હેમંતભાઈ આહિર** (જામ જોધપુર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી બીબીએ અને બીસીએ અભ્યાસક્રમની કોલેજો આવેલી છે, | (૧) બી.બી.એ.–૦૬ કોલેજો<br>બી.સી.એ.–૦૬ કોલેજો |
| (૨) ઉક્ત કોલેજો પૈકી કેટલી કોલેજો સરકારી અને કેટલી કોલેજો ખાનગી છે, | (૨) બી.બી.એ.–૦૬ કોલેજો પૈકી<br>સરકારી–૦૦<br>ખાનગી–૦૬<br>બી.સી.એ.–૦૬ કોલેજો પૈકી<br>સરકારી–૦૦<br>ખાનગી–૦૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ કોલેજોવાર કેટલી બેઠકો મંજૂર થયેલ છે, અને | (૩) *પત્રક–૧ મુજબ |
| (૪) ઉક્ત મંજૂર થયેલ બેઠકો પૈકી કોલેજોવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી બેઠકો ભરાઈ અને કેટલી બેઠકો ખાલી રહી ? | (૪) *પત્રક–૨ મુજબ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૬૫

**રાજ્યમાં પ્લાસ્ટીક કચરાને દૂર કરવા પગલા**

* ૪૩૮ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપુરા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટીક કચરાને દૂર કરવા કોઈ પગલાં લીધેલ છે કે કેમ | (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટીક કચરાને દૂર કરવા રાજ્યમાં જરૂરી પગલાં લેવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લેવામાં આવેલ છે, અને | (૨)<br>• ભારત સરકાર દ્વારા ૧૮ માર્ચ, ૨૦૧૬ના રોજ પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન–૨૦૧૬ના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેમાં, ૧૨ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો જેનુ રાજ્યમાં અમલીકરણ કરવામાં આવેલ છે.<br>• રાજ્યમાં પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન–૨૦૧૬ નિયમોની બહોળી પ્રસિદ્ધિ અંતર્ગત પ્લાસ્ટીકના વપરાશને ઓછો કરવા તથા ૧ જુલાઈ ૨૦૨૨ થી સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ રોકવા દૈનિક સમાચાર પત્રો અને રેડિયોના માધ્યમથી જાહેર સૂચનો કરવામાં આવેલ છે.<br>• પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમોનું પાલન ન કરનાર એકમો વિરુદ્ધ બંધના આદેશો તથા Environment Damage Compensation ની વસૂલાત કરવામાં આવે છે.<br>• પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન નિયમોની EPR ની ગાઈડલાઈન અંતર્ગત ૨૨૪ ઉત્પાદકો, ૧૬૬ આયાતકારો, ૩૭ બ્રાન્ડ માલિકો તથા ૫૪૫ પ્લાસ્ટીક વેસ્ટ રીસાયકલરને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. |

(૩) આ પગલાંથી રાજ્યની જનતાને શું ફાયદો થશે ?

(૩) રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઉપરોક્ત પગલાંઓથી રાજ્યમાં પ્લાસ્ટીક પ્રદુષણ ઓછુ થશે તથા પ્લાસ્ટીક વેસ્ટ રીસાયકલીંગને વેગ મળશે.

---------

# ૬૬

## રાજ્યની એમબીબીએસની કોલેજોમાં ફીનું ધોરણ

* ૯૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડીકલ અને એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે, અને

**જવાબ**

(૧)

| | ગવર્મેન્ટ ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | એન.આર.આઈ. ક્વોટા |
|---|---|---|---|
| સરકારી | રૂ.૨૫,૦૦૦/– વાર્ષિક | – | – |
| ગુજરાત મેડીકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં | રૂ.૩,૩૩,૦૦૦/– વાર્ષિક | રૂ.૯,૦૭,૫૦૦/– વાર્ષિક | $૨૨,૦૦૦ (યુ.એસ. ડોલર) અથવા સમકક્ષ વિદેશી ચલણ વાર્ષિક |
| ખાનગી | પત્રક–૧ સામેલ છે. | | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કોલેજોમાંથી ફી ન ભરી શકનાર કેટલા વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવામાં આવ્યા?

(૨)

- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કોલેજોમાંથી ફી ન ભરી શકનાર કોઈ પણ વિદ્યાર્થીનું એડમિશન રદ કરવામાં આવેલ નથી.

**પત્રક–૧**

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત, | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ. મેડીકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડીકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |

| ક્રમ | કોલેજનું નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ. લાખમાં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ. લાખમાં) | મેનેજમેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડીકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડૉ.એમ.કે. શાહ . મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડૉ.એન.ડી.દેસાઈ ફેકલ્ટી ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ. કિરણ સી પટેલ મેડીકલ કોલેજ એન્ડ રીસચ ઈન્સ્ટીટ્યુટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

---------

# ૬૭

## રાજ્યમાં સિંહ/દિપડાના મૃત્યુ

* ૨૧૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુ થયા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સિંહ | સિંહણ | સિંહબાળ | વણ ઓળખાયેલ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૩૨ | ૩૧ | ૬૧ | ૦ | ૧૨૪ | ૧૨૫ | ૫૪ | ૦ | ૧૭૯ |
| ૨૦૨૨ | ૨૧ | ૨૮ | ૬૨ | ૫ | ૧૧૬ | ૧૪૨ | ૪૬ | ૩ | ૧૯૧ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત મૃત્યુ પૈકી સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના મૃત્યુ કુદરતી થયા અને કેટલા અકુદરતી મૃત્યુ થયા, અને

**જવાબ**

(૨) ઉક્ત મૃત્યુ પૈકી સિંહ, સિંહણ, સિંહબાળ, દિપડા અને દિપડાના બચ્ચાઓના કુદરતી અને અકુદરતી મૃત્યુની વિગત નીચે મુજબ છે.

**કુદરતી મૃત્યુ**

| વર્ષ | સિંહ | સિંહણ | સિંહબાળ | વણ ઓળખાયેલ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૨૭ | ૨૫ | ૫૯ | ૦ | ૧૧૧ | ૮૫ | ૩૮ | ૦ | ૧૨૩ |
| ૨૦૨૨ | ૧૮ | ૨૪ | ૫૬ | ૫ | ૧૦૩ | ૧૦૦ | ૩૦ | ૩ | ૧૩૩ |

**અકુદરતી મૃત્યુ**

| વર્ષ | સિંહ | સિંહણ | સિંહબાળ | વણ ઓળખાયેલ | કુલ | દિપડા | દિપડાના બચ્ચા | વણ ઓળખાયેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૫ | ૬ | ૨ | ૦ | ૧૩ | ૪૦ | ૧૬ | ૦ | ૫૬ |
| ૨૦૨૨ | ૩ | ૪ | ૬ | ૦ | ૧૩ | ૪૨ | ૧૬ | ૦ | ૫૮ |

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી રીતે ઉક્ત પ્રાણીઓના મૃત્યુને રોકવા સરકારે શા પગલાં લીધા ?

(૩) ઉક્ત સ્થિતિએ અકુદરતી મૃત્યુ અટકાવવા માટે સરકાર દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓને બિમારી અથવા અકસ્માત વખતે તાત્કાલિક સારવાર માટે વેટરનરી ઓફીસરની નિમણૂંક કરવામાં આવેલ છે તથા અદ્યતન લાયન એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે.
- અભ્યારણ્ય વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગો પર સ્પીડ બ્રેકરો અને સાઈન બોર્ડ મુકવામાં આવેલ છે.
- સિંહ તથા અન્ય વન્યપ્રાણીની હત્યા અટકાવવા ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણા અને નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે તથા સ્ટાફને વાહન, હથિયાર, વોકીટોકી વિગેરે ફાળવવામાં આવેલ છે. વન્યપ્રાણીના રેસ્ક્યુ માટે રેપીડ એકશન ટીમ તથા રેસ્ક્યુ ટીમની રચના કરવામાં આવેલ છે. વન વિભાગ અને પી.જી.વી.સી.એલ. વિભાગ દ્વારા સંયુક્ત પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે.
- અસુરક્ષિત ખુલ્લા કુવાઓને ફરતે પેરાપીટ વોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરી મોનીટરીંગ કરવામાં આવે છે.
- ચેકીંગનાકા પર સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલ છે તથા સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- રાજુલા–પીપાવાવ રેલ્વે ટ્રેકની આજુ–બાજુ ચેઈનલીંગ ફેન્સીંગ કરવામાં આવેલ છે.

---------

# ૬૮

## રાજ્યમાં એઈમ્સ બનાવવાની કામગીરી

* ૬૮૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકાર દ્વારા તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં એઈમ્સ બનાવવા માટે ક્યારે જાહેરાત કરવામાં આવેલ હતી, | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ની તા.૦૧–૦૨–૨૦૧૭ના રોજ અંદાજપત્ર પ્રવચનમાં માન. કેન્દ્રિય નાણાં મંત્રીશ્રી દ્વારા ગુજરાતને એઈમ્સ ફાળવવા જાહેરાત કરેલ હતી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જે–તે જિલ્લાઓમાં એઈમ્સ બનાવવા સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨) શૈક્ષિણક વર્ષ ૨૦૨૦–૨૧માં ભારત સરકારશ્રી દ્વારા મંજૂરી મળતાં રાજકોટ જિલ્લામાં ૫૦ બેઠકો સાથે એઈમ્સ મેડીકલ કોલેજ, રાજકોટ શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૩) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા એઈમ્સની કામગીરી પેટે કુલ રૂ.૧૨.૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.<br>તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ ભારત સરકાર દ્વારા એઈમ્સની કામગીરી પેટે કુલ રૂ.૪૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) કેટલા સમયમાં એઈમ્સ કાર્યરત થનાર છે ? | (૪) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧માં ભારત સરકારશ્રી દ્વારા મંજૂરી મળતાં રાજકોટ જિલ્લામાં ૫૦ બેઠકો સાથે એઈમ્સ મેડીકલ કોલેજ, રાજકોટ શરૂ કરવામાં આવેલ છે. |

---------

# ૬૯

## ખાનપુર તાલુકામાં સરકારી કૉટેજ હોસ્પિટલ

* ૨૯૭ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં સરકારી કોટેજ હોસ્પિટલની માંગણી કરતી કેટલી રજૂઆતો સરકારને મળી, અને | (૧) કોઈ રજૂઆત મળેલ નથી. |
| (૨) ઉક્ત મળેલ રજૂઆત અન્વયે સરકારે શાં પગલા લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૭૦

## જામનગર જિલ્લામાં આવેલી નર્સીંગ કોલેજો

* ૨૧૮ **શ્રી હેમંતભાઈ આહિર** (જામ જોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલી નર્સીંગ કોલેજો આવેલી છે, | (૧) ૦૬(છ). |
| (૨) ઉક્ત કોલેજો પૈકી કેટલી કોલેજો સરકારી અને કેટલી કોલેજો ખાનગી છે, અને | (૨) સરકારી–૦૧ (એક).<br>ખાનગી–૦૫ (પાંચ). |
| (૩) ઉક્ત સ્થિતિએ કોલેજોવાર કેટલી બેઠકો મંજૂર થયેલ છે ? | (૩) પત્રક–અ આ સાથે સામેલ છે. |

### પત્રક–અ

### નર્સીંગ કોલેજોની માહિતી (જામનગર જિલ્લો)

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | બેઠક |
|---|---|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ નર્સીંગ કોલેજ, નાગોડી, જામનગર | બી.એસ.સી. | ૫૦ |
| | | પોસ્ટ બેઝીક બી.એસ.સી. | ૪૦ |
| ૨ | એસ.જી.વી. નર્સીંગ કોલેજ, ખારવા, તા.ધ્રોલ, જી.જામનગર. | બી.એસ.સી. | ૨૫ |
| ૩ | શ્રી શ્રેયસ નર્સીંગ ઈન્સ્ટીટ્યુટ, જોડીયા, જામનગર | બી.એસ.સી. | ૨૫ |
| ૪ | શગુન ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સીંગ, જામનગર | બી.એસ.સી. | ૩૦ |
| ૫ | શ્રી દયામાન ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સીંગ એન્ડ રીસર્ચ, જામનગર | બી.એસ.સી. | ૫૦ |
| ૬ | સરકારી નર્સીંગ કોલેજ, જામનગર | બી.એસ.સી. | ૪૪ |
| | | પોસ્ટ બેઝીક બી.એસ.સી. | ૩૦ |
| | | **કુલ** | **૨૯૪** |

---------

# પંદરમી ગુજરાત વિધાનસભા

## બીજું સત્ર, ૨૦૨૩

### તારાંકિત પ્રશ્નોત્તરી

### બુધવાર, તા.૧લી માર્ચ, ૨૦૨૩

### શુધ્ધિપત્રક

| અ. નં. | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ | પેજ નં. | વિગત | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૩૦ | ૩ | ૧ | માન. સભ્યશ્રીનો મતવિસ્તાર | તલાલા | તાલાલા |
| ૨ | ૨૯૯ | ૫ | ૨ | પ્રશ્નનું શિર્ષક | | લુણાવાડા તાલુકામાં પટેલીયા સમાજના લોકોને જાતિના પ્રમાણપત્રો આપવા બાબત |
| ૩ | ૫૩૮ | ૧૬ | ૬ | માન. સભ્યશ્રીનો મતવિસ્તાર | કાલાવાડ | કાલાવડ |
| ૪ | ૬૧૯ | ૨૪ | ૮ | પ્રશ્ન ખંડ–૧ની ચોથી લીટી | કેટલી અજીઓ | કેટલી અરજીઓ |
| ૫ | ૨૨૨ | ૨૬ | ૯ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી હેમંત આહિર | શ્રી હેમંતભાઇ આહિર |
| ૬ | ૫૮૧ | ૩૬ | ૧૨ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી સંજયભાઇ મહીડા | શ્રી સંજયસિંહ મહિડા |
| ૭ | ૩૧૭ | ૪૦ | ૧૩ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી જીગ્નેશકુમાર મેવાણી | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૮ | ૨૧૯ | ૪૪ | ૧૪ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી અર્જુન મોઢવાડિયા | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૯ | ૫૫૮ | ૫૦ | ૧૬ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી ગીતાબા જાડેજા | શ્રીમતી ગીતાબા જાડેજા |
| ૧૦ | ૬૧૨ | ૬૦ | ૨૦ | માન. સભ્યશ્રીનુ નામ | ડૉ. દર્શનાબેન દેશમુખ | ડો. દર્શના દેશમુખ |
| ૧૧ | ૫૯૬ | ૬૪ | ૨૧ | પ્રશ્ન ખંડ–૧ની ચોથી લીટી | શિબિરો યોજવામાં આવી, અને | શિબિરો યોજવામાં આવી, |
| ૧૨ | ૫૬૩ | ૬૬ | ૨૧ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રીમતી રિવાસિંહ સોલંકી | શ્રીમતી રિવાબા જાડેજા |
| ૧૩ | ૩૦ | ૭૦ | ૨૪ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી ચૈતર વસાવા | શ્રી ચૈતરભાઇ વસાવા |
| ૧૪ | ૫૬૫ | ૭૧ | ૨૪ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી શ્યામજી ચૌહાણ | શ્રી શામજી ચૌહાણ |
| ૧૫ | ૬૮૮ | ૭૮ | ૨૬ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી ચિરાગ પટેલ | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૧૬ | ૫૮૮ | ૮૩ | ૨૮ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી બાબુભાઇ જે. પટેલ | શ્રી બાબુભાઇ પટેલ |
| ૧૭ | ૬૩૨ | ૮૮ | ૨૯ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી લવીંગજી ઠાકોર | શ્રી લવીંગજી સોલંકી |
| ૧૮ | ૫૩૭ | ૯૧ | ૩૦ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રીમતી રીટા કેતનકુમાર પટેલ | શ્રીમતી રીટાબેન પટેલ |
| ૧૯ | ૫૭૬ | ૯૫ | ૩૧ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી ત્રીકમ છાંગા | શ્રી ત્રિકમ છાંગા |
| ૨૦ | ૧૯૦ | ૯૬ | ૩૧ | પ્રશ્ન ખંડ–૧ની ત્રીજી લીટી | શાળાઓમાં શારીરીક શિક્ષણ | શાળાઓમાં શારીરિક શિક્ષણ |
| ૨૧ | ૨૨૩ | ૧૦૦ | ૩૩ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી હેમંત આહિર | શ્રી હેમંતભાઇ આહિર |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૨૨૩ | ૧૦૦ | ૩૪ | જવાબ ખંડ–૨ની પ્રથમ લીટી | | (૨) |
| ૨૩ | ૨૨૦ | ૧૦૨ | ૩૪ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી અર્જુન મોઢવાડિયા | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૨૪ | ૨૮૨ | ૧૦૬ | ૩૬ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી અનંત પટેલ | શ્રી અનંતકુમાર પટેલ |
| ૨૫ | ૬૮૯ | ૧૦૯ | ૩૮ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી ચિરાગ પટેલ | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૨૬ | ૭૬ | ૧૧૦ | ૩૯ | જવાબ ખંડ–૨ના પત્રકમાં બીજી કોલમની ત્રીજી રો | કુવાળા પાંજરાપોર, ભાભર | કુવાળા પાંજરાપોળ, કુવાળા |
| ૨૭ | ૨૨૪ | ૧૧૪ | ૪૦ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી હેમંત આહિર | શ્રી હેમંતભાઇ આહિર |
| ૨૮ | ૨૨૧ | ૧૧૫ | ૪૧ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી અર્જુન મોઢવાડીયા | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૨૯ | ૨૮૪ | ૧૧૭ | ૪૩ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી અનંત પટેલ | શ્રી અનંતકુમાર પટેલ |
| ૩૦ | ૩૨ | ૧૧૮ | ૪૪ | માન. સભ્યશ્રીનુ નામ | શ્રી ચૈતર વસાવા | શ્રી ચૈતરભાઇ વસાવા |